**<u>ફોજદારી કેસ નંબર : ૨૫૮૮/૨૦૨૨</u>**

(લખનભાઇ કાનાભાઇ ડાંગર– વિરૂધ્ધ – સાગરભાઇ લખમણભાઇ નંદાણીયા)

**<u>આંક–૧ લગત હુકમ.</u>**

(૧) ફરિયાદીએ હાલની ફરિયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ તા. ૧૪/૦૩/૨૦૨૨ ના રોજ રજૂ રાખેલ છે. ફરિયાદના અનુસંધાને આરોપીને સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ, જે ધોરણસર બજી જતા પોતાના વિ.વકીલશ્રી મારફત હાજર થયેલ અને ત્યારબાદ આંક–૦૭ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ અને ફરિયાદી તરફે પુરાવો રજૂ કરવામાં આવેલ. દરમિયાન આજરોજ ફરિયાદી તરફે આંક–૩૩ થી વિથડ્રો પુરસીસ આપી આ કામમાં તેઓને આરોપીની સાથે રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ હોય જેથી આ કેસ આગળ ચલાવવા માંગતા ન હોય પરત ખેંચતા હોવાનું જાહેર કરેલ છે. આમ, પક્ષકારો વચ્ચે સમાધાન થઇ ગયેલ હોય અને ફરિયાદી ફરિયાદ આગળ ચલાવવા માંગતા ન હોય અને પરત ખેંચતા હોય આંક–૩૩ ની વિથડ્રો પુરસીસની વિગતે ફરિયાદીની હાલની ફરિયાદ વિથડ્રોથી કેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ **<u>૨૦મી</u>**, માહે **<u>જૂન,</u>** સને **<u>૨૦૨૬</u>** ના રોજ મારી સહી કરી, કાયમી લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.
તારીખ : ૨૦/૦૬/૨૦૨૬.

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ. (**GJ**–00862)